# આધુનિક માનવીના આંતરવિશ્વને ઉજાગર કરતી 'આપણે લોકો' એક મનોવૈજ્ઞાનિક નવલકથા

ડૉ. અમીબેન સંજયકુમાર સોની
એમ.એ.,એમ.ફિલ.,સ્લેટ.,પીએચ.ડી.
મુલાકાતી વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ
શેઠ.સી.એન.કોમર્સ કૉલેજ, વિસનગર, ગુજરાત.

આધુનિક જીવનશૈલી અપનાવી રહેલા માનવીઓના વૈચારિક જગતમાં પણ પરિવર્તનો આવી રહ્યાં છે. સર્જક પણ આખરે તો સમાજમાંથી જ આવે છે, સમાજમાં જ જીવે છે અને તેથી જ તેના વિચારોમાં આવી રહેલ પરિવર્તનની અસર તેના સાહિત્યમાં પણ વર્તાય છે. પરિણામે ગુજરાતી સર્જક પાત્રોના આંતરજગતને ઉજાગર કરવાનો પ્રયાસ સાહિત્યક્ષેત્રે કરી રહ્યો છે. ગુજરાતી સાહિત્યમાં આવી કેટલીય કૃતિઓ રચાઇ રહી છે કે જેમાંથી પાત્રોની આંતરસૃષ્ટિના દર્શન થાય છે

સાંપ્રત સમયના નામનાપાત્ર સાહિત્યકારોમાં પોતાના શ્રેષ્ઠ પ્રદાન દ્વારા આગળની હરોળમાં સ્થાન ધરાવતા એવા ધીરેન્દ્ર મહેતાનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિશેષ પ્રદાન રહ્યું છે. 'આપણે લોકો' ઈ.સ. ૧૯૮૫માં પ્રગટ થયેલી ધીરેન્દ્ર મહેતાની એક ઉત્તમ અને યશસ્વી નવલકથા છે. કથાવસ્તુને શક્ય તેટલું પ્રવાહી બનાવીને પાત્રોના આંતરિક વિશ્વને ઉઘાડ આપવાની તેમની જે શૈલી છે તે સહજ દ્રષ્ટિગોચર થાય છે. પાત્રોના આંતરિક પ્રવાહોનું નિરૂપણ તેઓ કુશળતાથી કરે છે. 'આપણે લોકો' નવલકથા આધુનિક માનવજીવનમાં વ્યાપ્ત એવી નિરાશા, એકલતા, વેદના, હતાશા, વ્યગ્ર મનોદશા વગેરે દ્વારા પાત્રના આંતરવિશ્વને, તેની માનસિકતાને ઉજાગર કરતી એવી એક નવલકથા છે.

કથાવસ્તુને રજૂ કરવા લેખકે અહીં ફ્લેશબેક ટેકનિકનો સહારો લીધો છે. દર્શના, ઈલાબહેન અને રોહિત આ ત્રણ પાત્રોની આસપાસ સમગ્ર કથાનો તંતુ ગૂંથાયેલો છે એમ કહી શકાય. જ ગૂંથાયેલી છે. 'આપણે લોકો' નવલકથામાં આ ત્રણેય પાત્રોના જીવનની, તેમની આંતરિક મથામણની, પરસ્પર આંતરિક સંઘર્ષથી અને તેમાંથી ઉદ્ભવતી એકલતાની સ્થિતિનો ઉલ્લેખ જોવા મળે છે. બાહ્ય કોઈજ એવી ભયાનક સ્થિતિ ન સર્જાઈ હોવા છતાં પાત્રોની ભીતરી સૃષ્ટિમાં મચેલી હલચલ પાત્રોના આંતરવિશ્વને ઉજાગર કરે છે.

કથાનાયક રોહિત પોતાનાં દૂરનાં માસીની દીકરી ઈલાબહેનને પોતાના ત્યાં રહેવા માટે લાવે છે પરંતુ તે વાતથી તેની પત્ની દર્શના અજાણ હોવાથી અચાનક તેના આવવાના સમાચાર માત્ર તેની વૈચારિક સૃષ્ટિમાં ઉથલપાથલ મચાવી દે છે. એક વિચિત્ર પ્રકારની હતાશા તેના મનમાં છવાઇ જાય છે. આ દંપતી ઈલાબહેનમાં જ વ્યસ્ત રહે છે. તેમના જ વિચારોમાં ગૂંથાયેલાં રહે છે. તો બીજી તરફ ઇલાબહેન પણ તે બંનેના અલગ એવા વર્તનની સતત નોંધ લેતા તેઓ પણ સામે એવા જ પ્રકારનું વર્તન કરે છે અને આવી સ્થિતિ રોહિત અને દર્શનાના ગૃહસ્થજીવન પર માઠી અસર કરે છે. અહીં કેન્દ્રમાં ઈલાબહેન જ રહેલાં છે. ત્રણેય પાત્રોનું એકસાથે એક છત નીચે રહેવું ઘણું મુશ્કેલીભર્યું થઇ જતું જણાય છે. એકબીજાની હાજરી જ ન સહી શકતાં એવાં આ પાત્રોના વર્તન દ્વારા આધુનિક માનવજીવનની જે વૈચારિક ભિન્નતા છે તે ઉપસી આવે છે. આ સ્થિતિ પાત્રોના સહ-અસ્તિત્વનો પ્રશ્ન ઊભો કરવા કારણભૂત ગણીએ શકાય. રોજીંદી ઘટનાઓમાં પરસ્પર એકબીજા સાથે તાદાત્મય ન સાધી શકતાં એવા આ પાત્રો સતત કશાક ખાલીપાનો અહેસાસ કરતાં, એકલતાનો ભોગ બનતાં અનુભવાય છે. છેવટે, ઇલાબહેન રોહિતનું ઘર છોડીને ચાલ્યાં જાય છે. "એક જાતની વૈચારિક ગૂંગળામણથી આ કૃતિ સભરભરી છે. જુદાજુદા સ્તરે ચૈતસિક વ્યાપારોથી એક ઓથાર ચઢી આવતો હોય એવી અનુભૂતિનું સબળ આલેખન લેખક કરી શક્યા છે."[૧]

કથાની શરૂઆત ટેલિફોનમાં થતી દર્શનાની રોહિત સાથેની વાતચીત દરમિયાન મનમાં છવાઈ જતી ઉદાસીનતા અને તેના બદલાતા મનોભાવો અને સંવાદોમાંથી છલકાતી નીરસતાના અહેસાસ સાથે થાય છે. ફોનમાં સામેથી પૂછાતો એક અણધાર્યો એવો પ્રશ્ન 'ઈલાબહેન આવી ગયાં?' આ સાથે જ જાણે કે કોઇ વિચિત્ર ભાવ દર્શનાના મનમાં છવાઈ જતાં ઇલાબહેન માટેનો તેનો ઉચાટ તેના આખા ચિત્તને ઘેરી લેતો હોવા છતાં તે કોઈ પ્રતિક્રિયા નથી આપતી: "દર્શનાએ તો આ અંગે કશી પ્રતિક્રિયા વ્યક્ત કરી નથી- કશો અણગમો, કંટાળો કે ઉત્તેજના- કશું જ નહિ."૮'આપણે લોકો', ધીરેન્દ્ર મહેતા, પૃ.૪૯

કથાનાયક રોહિતનું વર્તન પણ જાણે કે વિચિત્ર પ્રકારનું જણાય છે. તે વધુ બોલતો ન હોવા છતાં પણ માત્ર સંકેતો દ્વારા તેના મનોભાવોનો તાગ મળી રહે છે. રોહિત મનોમન જે ગૂંગળામણ અનુભવે છે તેનો ખ્યાલ તેના વર્તન દ્વારા સાંપડે છે. ઇલાબહેનના આવવાની કથાનાયિકા દર્શનાની ચિંતા તેને પતિ રોહિતથી મનોમન અલગ કરી દેનારું કોઇ તત્વ જણાય છે. ઇલાબહેનના આગમન પૂર્વે અને પછી એમ બંને સ્થિતિમાં દર્શનાની જે વિચિત્ર મનોદશા છે તેનો પરિચય ત્યાં થાય છે. ઇલાબહેન જ્યારે-જ્યારે દર્શનાની સામે જોતાં ત્યારે તેને કશીક વિચિત્ર અનુભૂતિ થતી હતી અને ત્યાંથી ક્યાંક દૂર ભાગી જવાનું તેને મન થઇ જતું આવી વિચિત્ર પ્રકારની આબોહવા ત્યાં ઊભી થતી અને કંઇક હતી કે જે તેના મનોવલયોને ગૂંગળાવી નાખતી જણાતી હતી. આમ, એક વિચિત્ર પ્રકારની લાગણી કહીએ કે પછી કશીક જકડામણ કે પછી બંધન એવો વિકૃત અનુભવ દર્શનાને સતત થતો હતો. ઇલાબહેનનું દરેક વર્તન એટલે સુધી કે તેનું સ્મિત પણ તેને જાણે કે અજાણ્યું લાગતું હતું. આમ, ઔપચારિકતાના જે એક પ્રકારના દબાણ નીચે દટાઇ ગયાનો તે ભાવ અનુભવતી હતી તેમાંથી તેની વ્યગ્ર મનોદશાનો ખ્યાલ સાંપડે છે. બે વ્યક્તિઓનું સામસામે હોવા છતાં પણ જે રીતની ઔપચારિકતા ત્યાં જોવા મળે છે તે અજૂગતી જણાય છે. લગ્ન પછી પણ પોતાના પતિ રોહિત સાથે રહેતી હોવા છતાં પણ દર્શનાને કોઈ જ પ્રકારનો ભિન્ન એવો રોમાંચક એવો અનુભવ થતો નથી. પરાણે કોઈ કામ કરતાં હોઇએ એ જ રીતે તેની સાથે અનુકૂલન સાધવા સિવાય બીજો કોઇ નવીન અનુભવ દર્શનાને રોહિત સાથે થતો નથી. કોઇ વિશેષ ઉત્તેજના કે કંઇ જ નહીં માત્ર એક જાતની નિષ્ક્રિયતા અનુભવતી જોવા મળે છે. એકધારાચાલતા એવા આ લગ્નજીવનથી તે જાણે કે અકળાઇ ગઇ હતી. રોહિતના ચહેરા પર કોઈ જ પ્રકારનો ભાવ તે અનુભવી શકતી નહોતી. રોહિતના ભૂતકાળ વિશે જાણવાની ઇચ્છા સેવતી દર્શનાને રોહિત તરફથી કોઇ પ્રતિસાદ ન મળતાં તે ઉદાસ રહેતી. એકવાર બગીચો સરખો કરતી હતી ત્યાં એકાએક પાછળ જોતાં એના કામમાં મદદ કરતા રોહિતને જોઇને કોઇ વિશેષ અનુભૂતિ દર્શનાને થયેલી:

> “રોહિતના સંગનો પહેલીવાર અનુભવ થવા લાગ્યો. ફૂલના ખીલવાની રાહ જોઇ શકાતી હતી. રાત્રિનો ઉકળાટ પરોઢની શીતળતામાં પલટાઈ જતો અને હવામાં ભેજનો સ્પર્શ અનુભવતો અને કોઈવાર જાગી જવાતું ત્યારે ફૂલો પર ઝાકળ પડવા માંડ્યું હશે એવો વિચાર આવતો. કયા ઝાડ પર કયું પંખી ફળ ટોચવા આવશે એનો વિચાર પણ આવવા લાગ્યો હતો.” ૮‘આપણે લોકો’, ધીરેન્દ્ર મહેતા, પૃ.૨૩૯

પતિ તરફની ક્ષણિક મદદ માત્રથી જ તેનો સાથ અનુભવતી દર્શનાના આખા વિચારજગતમાં જાણે કે હરિયાળી છવાઇ ગઇ હતી. આસપાસ વધતાં જતાં વૃક્ષો પણ તેના અકબંધ એકાંતને જાણે ભાગી રહ્યા હોય એવું અનુભવવા લાગી. અચાનક તેના વર્તનમાં સુખદ એવું પરિવર્તન આવેલું અને ભીતરથી એકલી પડી ગયેલી દર્શનાને એકાએક આસપાસના જગત સાથેનો સંબંધ અનુભવવા લાગેલો. રોહિતના ક્ષણિક એવા ટૂંકા સાથ બાદ તેની ગેરહાજરીમાં પણ પોતાને એકલી ન અનુભવતી દર્શનાના વર્તનમાં આવેલું પરિવર્તન થોડુંક સુખદ હતું. પરંતુ, વળી થોડાક સમય પછી પાછી તે ઉદાસ થઇ જતી હતી. જીવન જાણે કે નાટકનો કોઇ મંચ હોય અને ત્યાં એક દ્રશ્ય પૂરું થાય ને બીજું શરૂ થતું હોય એવી જ કોઇ અનુભૂતિ દર્શનાને થતી હતી. એકદિવસ અચાનક જ રોહિત દ્વારા દર્શનાને ઇલાબહેનના આવવાના સમાચાર મળતાં જ તે એકપ્રકારનો પરાયાપણાનો કોઇ અનુભવ કરતી જણાય છે: “ફંફોસવા છતાં હાથ નહોતો લાગ્યો તે ભૂતકાળનો તંતુ વિના પ્રયત્ને અણધારી રીતે હાથ લાગી ગયો હતો. પરંતુ ગૂંચવાયેલી સ્થિતિમાં.”૮‘આપણે લોકો’લ ધીરેન્દ્ર મહેતાલ પૃ.૨૭૯

વિભિન્ન એવા અનેક વલયો દર્શનાના આખા માનસપટ પર ઘૂમી ગયા હતા અને ત્યાં તેને રોહિત અને ઇલાબહેનના સંબંધ વિશે જાણે કે વિચિત્ર એવા વિચારો આવવા લાગેલા: “એવું તે શું હશે રહસ્ય આ ઇલાબહેન સાથેના સંબંધમાં ? રોહિતે લગ્ન કરવામાં આટલું મોડું કેમ કર્યું હશે ? આ ઇલાબહેન એ માટે કારણભૂત હશે ? ઉપરાછાપરી ઉઠતાં જળવલયો એમની વચ્ચેના પરપોટાને ભીંસી લઇ રહ્યાં હતાં. કોણ હતી આ રહસ્યમયી ઇલા ? એ એકાએક ક્યાંથી પ્રગટ થઇ ?” ૮‘આપણે લોકો’, ધીરેન્દ્ર મહેતા, પૃ.૨૮૯

શારીરિક ચેષ્ટાઓ અને વર્તનથી સમજી શકાય છે કે, ઇલાબહેનના અચાનક આવવાના સમાચારથી અનેક પ્રશ્નોએ, વિચારોએ દર્શનાને અંદરથી જ રૂંધી નાખી હતી એટલે કે એક પ્રકારનો માનસિક હુમલો તેણે તે સમયે અનુભવ્યો હતો. નવલકથામાં પ્રયોજાયેલ પરપોટાનું પ્રતીક એ જાણે કે દર્શનાના બદલાતા જતાં મનોભાવોનું સૂચક બની રહે છે. તેના મનમાં એક પ્રકારની મથામણ ચાલે છે અને તેના મનની ખાલી પડેલી જગ્યામાં તે સંબંધોની અલગ પ્રકારની આકૃતિઓ મનોમન રચાતી જોવા મળે છે.

ઇલાબહેનની હાજરી દર્શના માટે જાણે કે કોઇ ભયંકર એવી સમસ્યારૂપ હતી. તે તેનામાં એકપ્રકારની નિરાશા ઉપજાવનારી હતી. ઇલાબહેનને જોઇને, તેમનું વર્તન જોઇને દર્શના અનુભવે છે: “જાણે આખા ખંડમાં ઇલાબહેનના હોવાનું વજન હતું.” ૮‘આપણે લોકો’, ધીરેન્દ્ર મહેતા, પૃ.૪૨૯

ઇલાબહેનની હાજરી દર્શના માટે અસહ્ય હતી. ઇલાબહેન નહિ પણ જાણે કે કોઇ એક વિચિત્ર તત્વ ઘરમાં પ્રવેશી ગયું હોય તેવું તે અનુભવતી હતી. દર્શના રોહિત સાથે સંપૂર્ણ રીતે ભળી શકી નહોતી. કદાચ તે પહેલેથી જ અતડી જ હતી. ધીમેધીમે દર્શના

અને ઇલાબહેનના સંબંધમાં જે અંતર હતું તેને રોહિત જાણી ગયો હતો અને તે મુજબ તે વર્તવા લાગ્યો. ઇલાબહેનના ઘરે પાછાં ફરતાં દર્શના તેમને કંઇક પૂછે છે ત્યારે તે ચીડાઇ જઇને બોલે છે:

> "મને એ વાતની ખબર પડતી નથી કે તમે બધાં સતત મને સમજવાની કોશિશ શા માટે કર્યા કરો છો ? શું સમજવા માંગો છો તમે બધાં મારા વિશે ? બીજા કોઇનામાં નહિ અને મારામાં જ તમને એવું બધું દેખાયા કરે છે જે તમને લોકોને સમજાતું નથી, અને એ સમજ્યા વગર આપણેલોકો સાથે રહી શકીએ એમ નથી ?" ૮'આપણે લોકો', ધીરેન્દ્ર મહેતા, પૃ.૫૭૯

ઇલાબહેન પોતાને દર્શના અને રોહિતથી જુદા ગણીને કોઇક વિચિત્ર એવી મનોદશામાંથી પસાર થતાં જણાતાં હતાં. દર્શનાનું સતત ઇલાબહેનની સાથે રહેવું તે માટે તેઓ રોહિતને જવાબદાર માનતા હતા. ઇલાબહેન તેમની મા સાથે રહેતાં હતાં ત્યારે તેમને જે અનુભવ થતો તેવો જ દર્શના અને રોહિત સાથે રહેતાં પણ થાય છે. રોહિત અને દર્શના તેમની સેવામાં રચ્યાં-પચ્યાં રહેતાં હતાં ત્યારે પોતે પણ એમને અનુકૂળ થવું જોઇએ એવા વિચારથી તેમનું મન ઉદાસ બની જાય છે ને તેમને લાગે છે કે રોહિત અને દર્શના તેમના પર છાની નજર રાખે છે. ત્યારબાદ પોતાનો વહેમ હોવાનું વિચારે છે. તેમને લાગે છે કે કોઇ બોલ્યું જ નથી ત્યારે આ બધું માત્ર તેમના મનમાં જ ચાલ્યું હશે આમ, તેઓ પોતાની આ સ્થિતિ વિશે જાણે કે અસ્પષ્ટ હતાં. અહીં સંબંધોની ગૂંચમાં અટવાયેલા એવા આ ત્રણેય પાત્રોની માનસિકતા છે તે ગંભીર અને તંગ જણાતી હતી. ઊંઘવા માટે જાણે કે એક પ્રકારની દ્વિધામાં રહેલાં ઇલાબહેનની સ્થિતિ જોતાં તે વિચારો અને સ્વપ્ન વચ્ચે કોઇ જ તફાવત કરી શકતાં નથી અને સવારે જાગ્યા પછી પણ જાણે કે ઇલાબહેન ગઇ રાત જેવી જ દ્વિધામાં જણાય છે. આમ, વીતી ગયેલા સમયની કોઇ જ છાપ જાણે કાયમ રહેતી નથી તે ઊડી જતી અનુભવે છે: "ઊડી ગઇ છે કે પછી ઊડવા મથી રહી હોય એમ હજુય ફફડી રહી છે... એ પળો નિદ્રાની હતી કે સ્વપ્નની કે બંધ આંખે આવેલા વિચારોની?" ૮'આપણે લોકો'લ ધીરેન્દ્ર મહેતાલ પૃ.૮૧૯

ઇલાબહેનના મનમાં વિચારોની ડમરીઓ ઊડતી જોવા મળે છે. ઇલાબહેન એ નક્કી નથી કરી શકતાં કે, એ તેમનું સ્વપ્ન હતું કે, બંધ આંખે તેમને આવેલા વિચારો માત્ર જ હતા? આમ, માનસિક વલોવણીમાં અનિશ્ચિત સ્થિતિએ ઇલાબહેન મૂકાયેલા જોવા મળે છે. તો રોહિતની મનોદશા પણ વિચિત્ર જણાય છે. કોઇ બેંડમાસ્ટર સાથે એકલતાની વાત કરી રહ્યો હોવાનો અહેસાસ કરતો આખી જિંદગી સરઘસોમાં ફર્યાની વાત પૂરી કરીને નીકળ્યો હોવાનું અનુભવતો તે કોઇ દિવાસ્વપ્ન જોઇ રહ્યો હોય એવું તેને લાગે છે. અહીં સરકતા જતા સંબંધોને ધુમ્રસેરનું કેવું સરસ પ્રતીક આપીને પ્રયોજ્યા છે. આ સાથે જ દર્શના ઇલાબહેનને વાતો કરતાં સાંભળે છે ત્યારપછી તે રોહિતને ઇલાબહેન સાથેના પોતાના રેતનદીના અનુભવો વિશે કહેતી હોય છે અને ફરી પાછી તે ઇલાબહેનની વાતોમાંથી બહાર આવીને રોહિતને કહે છે: "એ તો બોલ્યે જ જતાં હતાં અને મને એવો અનુભવ થતો હતો કે કેવાં છીએ એક નદીના પટ પર એકત્ર થયેલાં આપણે લોકો." ૮'આપણે લોકો'લ ધીરેન્દ્ર મહેતાલ પૃ.૧૫૮૯

નદીના પટ બેસેલા દર્શના અને ઇલાબહેન બંને જે તીવ્ર એકલતાનો ભાવ અનુભવે છે. અહીં ભીંજાવાની વાત એ માત્ર નદીના પાણીમાં ભીંજાવાની જ નથી થયેલી પરંતુ સંબંધોમાં ભીંજાવાનું એટલે કે એકબીજા સાથે ન ભળી શકવાની વાતના ઉદાહરણરૂપ અહીં રજૂ થયેલ જોવા મળે છે અને ત્યારે રોહિત ત્યાં પોતાની જાતને આ બંનેથી અલગ ગણીને ઇલાબહેનની હાજરીને જુદી જ રીતે જુએ છે: "પોતે આ રેતનદી ના પટ પર ક્યાં હતો અને એ પટ ઉપર એકની હાજરી અન્ય બે જણ વચ્ચેના સંબંધને કેવો જુદો જ આભાસ આપતી હતી!" ૮'આપણે લોકો', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૫૮૯

દર્શના અનુભવે છે કે ઇલાબહેનના આવ્યા પછી તે અને રોહિત બંને સતત તેમનામાં જ રોકાયેલાં રહે છે. એકવાર અવિનાશ સાથે મોકલેલા ઇલાબહેન અકસ્માત થતાં જ પાછાં ફરતાં હતાશ સ્થિતિમાં જણાતાં દર્શના રોહિતને જણાવે છે: "એ તો કેવું કેવું કહેતાં હતાં!... ક્યાં સુધી આપણેલોકોએ આમ રહેવાનું અને તમને મારામાં જકડી રાખવાનાં; તમને મારા ને મારા વિશેના વિચારોમાં ગૂંગળાવ્યા કરવાનાં?" ૮'આપણે લોકો', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૯૦૯

સતત કશીક માનસિક તાણ અનુભવતાં ઇલાબહેન કોઇની વાત પણ સાંભળ્યા વગર રોહિતના ત્યાંથી ચાલવા લાગે છે અને ત્યાં જ નવલકથાનો અંત આવે છે.

'આપણે લોકો' નવલકથા ત્રણ પાત્રો રોહિત, દર્શના અને ઇલાબહેન, તેમના વર્તન અને વિચારોથી ભરેલી છે. આ ત્રણ પાત્રોની આસપાસ જ કૃતિ વિકસે છે, વિસ્તરે છે. ઇલાબહેન કૃતિમાં આરંભથી અંત સુધી રહે છે. એકલતા સાથે ગાઢ સંબંધ ધરાવતું એવું ઇલાબહેનનું આ પાત્ર ભાઇ-ભાભી પાસે આવ્યા છતાં પણ તેમની સાથે એક થઇ શકતું નથી. દર્શના પણ આજ સુધી રોહિત સાથે મનથી જોડાઇ શકી નથી. માત્ર ઇલાબહેનના આવ્યા પછી જ દર્શના-રોહિતના સંબંધોમાં દૂરી આવી હોય એવું નથી પરંતુ તે બંને તો લગ્નથી લઇને આજસુધી એકબીજા સાથે ભળી શક્યાં જ નથી અને આ માટે જવાબદાર સ્થિતિ જો કોઇ હોય તો તે બાહ્ય ઘટના નથી પરંતુ તેમની અંદર કશુંક એવું પડેલું છે કે જે તેમને એક થવા દેતું નથી જેમકે, કોઇ પણ માણસ સમજણ વગર ક્યારેય સાથે રહી શકતો નથી એવો જ સમજણનો અભાવ આ બંને પાત્રોના સંબંધોમાં વર્તાય છે.

અહીં બાહ્ય ઘટના વિશેષ ન બનતી હોઈ મનની જે ગતિ છે તે જ ઘણું બધું વ્યક્ત કરી દે છે તેનો ખ્યાલ આવે છે. એકસાથે રહેતા આ ત્રણેય પાત્રોના મનની ગતિવિધિને રજૂ કરવા માટે સ્થૂળ પરિમાણો કામમાં આવી શકે નહી. અહીં બાહ્ય ઘટનાના મુકાબલે ભીતરી વિશ્વમાં કંઈક કેટલુંય રચાતું જણાય છે. સમગ્ર નવલકથામાં આરંભથી અંત સુધી છવાયેલું પાત્ર ઇલાબહેન આ નવલકથાનું એવું એક પાત્ર છે કે જેમના વર્તન, વ્યવહાર દ્વારા આ આખી નવલકથાને મનોવૈજ્ઞાનિક નવલકથા સંપૂર્ણ રીતે કહેવા ચોક્કસ પ્રેરાઇશું.

‘આપણેલોકો’ નવલકથામાં લેખકે પાત્રોના મનની ગતિવિધિને સમજાવવા માટે વિવિધ પ્રતીકો જેવા કે; પરપોટા, ધુમાડો, અંધકાર, વગેરેની મદદ લીધી છે તે સાથે જ તેમણે સ્વપ્ન અને દિવાસ્વપ્નના ઉલ્લેખ દ્વારા પાત્રની માનસિકતાને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. ઈલાબહેનનો ભૂતકાળ રજૂ કરવા અહીં ફ્લેશબેક ટેકનિકનો ઉપયોગ પણ થયેલો છે. અહીં પાત્રોની માનસિકતા દ્વારા અસહ્ય એકલતાની છાપ પડે છે. રોહિત અને દર્શના પણ વૈચારિક ભિન્નતા ધરાવતાં પાત્રો છે તેથી જ તેમના લગ્ન થયાં હોવા છતાં પણ તે ઐક્ય સાધી શકતાં નથી અને એકલતાનો ભોગ બનતાં જોવા મળે છે. ઇલાબહેનની હાજરીથી વ્યાકુળ થતી, અંદરથી હચમચી જતી, ઇલાબહેનના આવવાના સમાચાર માત્ર જ દર્શનાના આખા વિચારજગતમાં ઉથલપાથલ મચાવી મૂકે છે. ઇલાબહેનના આવવાથી રોહિત-દર્શનાના દામ્પત્યજીવન પર પણ વિપરીત અસર પડે છે અને તેના વિચારોમાં ઊભી થતી ગૂંચ એ આધુનિક માનવીની જે અન્ય વ્યક્તિની હાજરી ન સહી શકવાની વૃત્તિ છે તેને છતી કરે છે. આમ, ઇલાબહેનની કોઈની પણ સાથે અનુકૂલન ન સાધી શકવાની તેમજ ભીતરથી જ સતત કોરાયા કરવાની, એકલતા અનુભવવાની જે વૃત્તિ છે, વર્તન છે, માનસિકતા છે તેના કારણે તેઓ ક્યાંય પણ અનુકૂલન સાધી શકતાં નથી. આમ, મનોવૈજ્ઞાનિક એવા અંશોથી ભરપૂર એવી ‘આપણેલોકો’ નવલકથામાં આરંભથી અંત સુધી ઇલાબહેનનું પાત્ર જ કેન્દ્રમાં રહે છે. અહીં પાત્રોનું આંતરવિશ્વ ઊઘડતું જોવા મળે છે. અને આ બધું જ જોતાં લેખકની આ નવલકથાને મનોવૈજ્ઞાનિક નવલકથા કહી શકાય.

**સંદર્ભ:**

I. મહેતા ધીરેન્દ્ર, ‘આપણેલોકો’, ગુર્જર ગ્રંથરત્ન અમદાવાદ, સં. આવૃત્તિ,૨૦૧૦.

II. મહેતા ધીરેન્દ્ર, ‘આપણે લોકો’, ગુર્જર ગ્રંથરત્ન અમદાવાદ, સં. આવૃત્તિ, ૨૦૧૦.

યયયઈ દલાલ અનિલા, ‘ચેતના પ્રવાહાંકિત નવલકથા’, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૪.